# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એક્ટિવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેકટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in




# પ્રિય સન્નારી

કેમ છો?

બોર્ડ એકઝામ્સ પૂરી થઇ એટલે બધાં મા-બાપને હાશ...થઈ હશે નહિ? બાળકો ક્લાસરૂમમાં બેસીને પેપર લખે અને તેમનાં મા-બાપ શાળાની બહાર બેસીને તેમનાં પેપર સારાં જાય તેની પ્રાર્થના કરતાં હોય....જાણે આ તેમનું તપ જ છે એમ માની લો! પરીક્ષાઓ પૂરી થઇ એટલે પેરેન્ટ્સ પણ ફ્રી થયાં હશે. તો જરા, આસપાસ જે ચાલી રહ્યું છે તે તરફ તમારું ધ્યાન દોરવા માંગું છું.

આમ તો, બોર્ડની પરીક્ષા હોય કે અન્ય કોઈ પરીક્ષા હોય, છોકરીઓ છોકરાઓ કરતાં વધારે સારા ગુણ લાવે છે છતાં, ક્યારેક આપણને અમુક છોકરીઓનું વર્તન છોકરાઓની સરખામણીએ થોડું અપરિપક્વ અને કયારેક તોછડું લાગે છે. તેની સામે સરખી જ ઉંમરના છોકરાઓ ઘણા ડાઉન ટુ અર્થ અને સભ્ય વર્તન કરતા હોય છે. ક્યારેક ટીન એજ છોકરીઓ હઠીલું, જીદ્દી અને તોછડાઈભર્યું વર્તન કરે છે. આની પાછળ મા-બાપનો છોકરીઓ પ્રત્યેનો અભિગમ અને તેમના ઉછેરમાં રહેલી ખામી છે.

દરેક મા-બાપને ખબર હોય છે કે દીકરી મોટી થઈ એક દિવસ પારકે ઘરે જતી રહેશે એટલે અત્યારે જેટલા લાડ કરવા હોય તે કરી લો. આમ વિચારીને ઘણાં મા-બાપ અને તેમાંય ખાસ કરીને પિતા પોતાની દીકરીને ‘રાજકુમારી’ની જેમ રાખે છે. નાનપણથી જ તેની દરેક માંગણી તરત પૂરી કરવામાં આવે છે. પછી તે માંગણી વ્યાજબી હોય કે ન હોય, દીકરીની ઈચ્છા છે તો તે પૂરી તો કરવી જ પડે ને! એવું વિચારીને કેટલાંક માતા-પિતા છોકરીઓને સંઘર્ષથી દૂર રાખે છે. અહીં, આપણે એમ નથી કહેતાં કે બધાં માતા-પિતા આ પ્રકારની વિચારસરણી ધરાવે છે પરંતુ કેટલાંક મા-બાપ એવાં ચોક્કસ છે જે પોતાની દીકરીની આંખમાં આંસુનું એક ટીપું પણ આવે તો તે જોઈ શકતાં નથી, તેનો પડ્યો બોલ ઝીલે છે અને આ આંધળા પ્રેમમાં દીકરીની દરેક માંગણી, દરેક ઈચ્છા તેઓ પૂરી કરે છે.

અહીં, દરેક માતા-પિતાએ યાદ રાખવું જોઈએ કે દીકરો હોય કે દીકરી આપણે જો તેમના જીવનમાંથી સંઘર્ષની બાદબાકી કરી દઈશું તો ભવિષ્યમાં સુખનો સરવાળો કરતાં તેઓ શીખી શકશે નહિ. પોતાના જીવનમાં જે કોઈ પણ પરિસ્થિતિ આવશે તેમાં તેઓ આનંદથી રહી શકશે નહિ કારણ કે અત્યાર સુધી તેમણે જે આનંદ મેળવ્યો છે તે માતા-પિતાએ



ખરીદીને આપેલો આનંદ હોય છે. તેઓ પોતાની જાતે કશું કરી શકતા નથી અને વળી, સંઘર્ષ કરતાં તેઓ શીખ્યા નથી. આમ, ભવિષ્યમાં આવતા પડકારોનો સામનો કરી શકતા નથી. લગ્નજીવનમાં પણ નજીવી બાબતોને લઈને દુઃખી થઇ જશે, કદાચ એડજસ્ટમેન્ટ ન પણ કરી શકે અને અંતે વાત છૂટાછેડા સુધી પહોંચી જાય છે. પરિવારમાં કોઈ પણ વ્યક્તિ તેની સામે આંગળી ચીંધે કે તેને ભૂલ બતાવે કે જરા જતું કરવાની વાત આવે ત્યારે તે છોકરી સહન કરી શકતી નથી. પિતાના ઘરમાં હંમેશાં તેની જ વાત માનવામાં આવતી હોય, તેને જ મહત્ત્વ મળ્યું હોય અને લગ્ન પછી જો પરિસ્થિતિ બદલાય જાય અને જો સમાધાન કરવાનો વારો આવે તો તે આ પરિસ્થિતિ સ્વીકારી શકતી નથી. પરિણામે, ઝઘડો અને મનભેદ ઊભા થાય છે.

અહીં, મુદ્દો એ નથી કે દીકરીઓને લાડ ન કરાવવા કે તેમને પ્રેમ ન કરવો કે તેમની જે ઈચ્છા હોય એ પૂરી ન કરવી. ચોક્કસ, આપણે છોકરો હોય કે છોકરી બંનેને પૂરતો પ્રેમ આપવો જ જોઈએ પરંતુ જ્યાં ગેરવ્યાજબી માંગણી હોય ને ‘ના’ કહેવાની જરૂર હોય ત્યાં સ્પષ્ટપણે અને પ્રેમથી ‘ના’ પણ કહેવી જોઈએ. શિક્ષણથી બુદ્ધિનો વિકાસ થાય છે પરંતુ વિવેકબુદ્ધિ તો માતા-પિતા, તેમની પરવરિશ જ આપી શકે. ભવિષ્યમાં સારા-નરસાની સાચી સમજણ આવે, સભ્ય વર્તન કરતાં શીખે અને પડકારોને ઝીલવાની હિંમત કેળવાય તે માટે માતા-પિતાએ બાળકોને યોગ્ય પરવરિશ આપવી જોઈએ. ફક્ત એ કારણસર કે છોકરી ભવિષ્યમાં લગ્ન કરીને બીજા ઘરે જતી રહેશે એટલે એની બધી જીદ પૂરી કરવી એ કેટલું યોગ્ય છે? તેમાંય જો એકની એક દીકરી હોય તો જાણે માતા-પિતા માટે તે આંખનો તારો હોય અને તેની દરેક ઈચ્છા પૂરી કરવી એ તેમનું જાણે અંતિમ લક્ષ્ય હોય એવું વર્તન કરે છે. આપણે દીકરીઓને ફૂલ જેવી કોમળ નથી બનાવવાની કે તેમને કાંટા જેવી રૂક્ષ કે અભદ્ર પણ નથી બનાવવાની. દીકરીઓને વિવેકશીલ, સભ્ય અને હિંમતવાળી બનાવવાની છે જે ભૌતિક જગતના પડકારો ઝીલી શકે, પોતાના નિર્ણય પરિપક્વતાથી લઈ શકે અને નાના-મોટા દરેક સાથે સભ્ય વર્તન કરીને તેમનાં દિલ જીતી શકે. આપણે યાદ રાખવું જોઈએ, દીકરી એક નહિ, બે ઘરને ઉજાગર કરે છે. યોગ્ય કેળવણી જ તેને સાર્થક રીતે ‘વ્હાલનો દરિયો’ બનાવી શકે છે. ખરું ને? ચાલો આવજો. ફરી મળીશું આવતા સપ્તાહે.

– સંપાદક

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર મૈત્રી માસ્તરની છે એ ઈમેજ કન્સલ્ટન્ટ છે. મૈત્રીને મ્યુઝિક, રીડીંગ ટ્રાવેલિંગનો શોખ છે.